એન.જી.જરીવાલા હાઈસ્કૂલ- નેત્રામલીનો સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવાયો

નેત્રામલી : ઈડર તાલુકાની શ્રી એન.જી.જરીવાલા હાઈસ્કૂલ-નેત્રામલી આને માતૃશ્રી રેવાબા બેચરભાઈ પટેલ ઉચ્ચતર માધ્યમિક વિભાગનો સુવર્ણ જયંતી મહોત્સવ તારીખ ૭/૫/૨૨ થી ૮/૫/૨૩ દરમ્યાન યોજાયો. જેમાં બે દિવસના આ ઉત્સવ દરમ્યાન ઉદ્ઘાટન એવમ્ દાતાઓનું સન્માન, સંસ્કાર કાર્યક્રમ, ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલન કાર્યક્રમ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી કિર્તીસિંહ વાઘેલા, રમણલાલ વોરા, હિતુભાઈ કનોડિયા, દિપસિંહ રાઠોડ, સચિવ ગુજરાત શિક્ષણ બોર્ડ દિનેશભાઈ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી, સહદેવસિંહ સોનગરા, ડે.મામલતદાર એકતા કુમારી તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવણી ની સફળતા બદલ અધ્યક્ષ જે.ડી. પટેલ , પ્રમુખ દિલીપભાઈ પટેલ, આચાર્ય સંજયભાઈ પટેલ, સમગ્ર કેળવણી મંડળ, શાળા પરિવાર તેમજ ગ્રામજનો એ પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર આપનાર સૌ કોઈનો આભાર વ્યક્ત કર્યો હતો.

માંકડી ગામે મંદિરનો મૂર્તિપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો...

હિંમતનગર તાલુકાના માંકડી ગામે ગોગા મહારાજના નૂતનમંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભગત અરવિંદસિંહ પરમાર તથા માંકડી ગોગા હરિભક્ત ગ્રુપના સંયુક્ત ઉપક્રમે ઉજવામાં આવ્યા હતો. આ પ્રસંગે હરસિધ્ધિ માતા, ખોડીયાર માતા અને હનુમાનજી સહિતની મૂર્તિઓની વૈદિક મંત્રોચ્ચાર સાથે પ્રાણ પ્રતિષ્ઠાન વિધિ કરવામાં આવી હતી. આ ધાર્મિક પ્રસંગે ઉપસ્થિત દાતાશ્રી બી.ઝેડ. ગ્રુપના સી.ઈ.ઓ.ભુપેન્દ્રસિંહ પરબતસિંહ ઝાલાને તલવાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ મહોત્સવમાં આસપાસની શ્રદ્ધાળુ જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો.

પ્રાંતિજ અવરઓન ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ ખાતે સમર કેમ્પ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ અવરઓન ઈંગ્લીશ મિડિયમ સ્કુલ ખાતે દશ દિવસીય સમર કેમ્પ યોજાયો હતો જેમા ૬૫ જેટલા વિદ્યાર્થીઓએ કેમ્પ મા ભાગ લીધો હતો. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર માં આવેલ અવરઓન ઈંગ્લીશ મિડિયમ સ્કુલ ખાતે દશ દિવસીય સમર કેમ્પ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા દશ દિવસ દરમ્યાન ભાગ લીધેલ બાળકોને કેમ્પ માં વિવિધ રીતે ટ્રેનિંગ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત ના કાર્યક્રમોને લઈ ને બાઈક ની બહિર્મુખ પ્રતિભા નો વિકાસ થાય તે હેતુથી સમર કેમ્પ યોજાયો હતો જેમા ૬૫ જેટલા વિધાર્થીઓએ સમર કેમ્પ માં ભાગ લીધો હતો જેમા કરાટે, રાઈફલ શુટીંગ સહિત ગેમ્સ, યોગા , પ્રાણાયામ, સ્ટેજ પાવર, વક્તવ્ય ,સાંસ્કૃતિક કાર્યક્રમો, ડાન્સ સહિતના કાર્યક્રમ મો યોજાયા હતા જયારે દશમા દિવસે પ્રાંતિજ સ્વામીનારાયણ મંદિરના મહંત સ્વામી પ્રાણજીવન દાસ તથા સંસ્થા ના મંત્રી રઈશભાઈ કસ્બાતી દ્વારા ભાગ લીધેલ તમામ વિધાર્થીઓને એકલવ્ય ફાઉન્ડેશનના સહયોગ થી કેમ્પ ભાગ લીધેલ બાળકો ને સર્ટીફિકેટ આપીને પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા તો આ સમર કેમ્પમાં હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ તથા દિસીબેન બ્રહ્મભટ્ટ દ્વારા બાળકોમાં રહેલ શક્તિઓને બહાર લાવવાનો વિકાસ કર્યો હતો તો આ પ્રસંગે ઈંગ્લીશ મિડિયમ સ્કુલ ના પ્રિન્સીપાલ દર્શિલ ભાઈ દેસાઈ તથા પ્રિન્સીપાલ જાગૃતિ બેન શાહ સહિત નો સ્ટાફ પણ ખડેપગે ઉપસ્થિત રહ્યો હતો તો કેમ્પ મા ભાગ લેનાર વિધાર્થીનીઓએ તેવોના પ્રતિભાવો જણાવ્યા હતા તો ઉપસ્થિત વાલીઓઆ સમર કેમ્પ ની સરાહના કરી હતી તો વિધાર્થીઓએ પણ કેમ્પ દરમ્યાન વિવિધ રમતો ગેમ સહિતના દશ દિવસમા નવા અનુભવો મેળવ્યા હતા.

બનાસકાંઠા જિલ્લાનાવડગામ તાલુકા ના મુક્તેશ્વર પંથકમાં રીંછે દેખા દેતા લોકોમાં ફફડાટ

રીંછ અભ્યારણ ધરાવતા બનાસકાંઠા જિલ્લાના વડગામ નજીકમુક્તેશ્વર ચામુંડા માતાજીના મંદિર પાસે મધુરગીરી બાપુના નિવાસસ્થાન બહાર વહેલી સવારના રીંછ લટાર મારતું સી.સી.ટી.વી?.કેમેરા મા કેદ થઈ જવા પામ્યું હતું.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, વડગામ તાલુકાના મુક્તેશ્વર માં લહેલી સવારે જંગલી પ્રાણી રીંછ લટાર મારતું સી.સી.ટી.વી.કેમેરા માં દેખાતા મુક્તેશ્વર પંથકના લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. વડગામ તાલુકાના મુક્તેશ્વર જળાશય ડેમની બાજુમાં આવેલા ચામુંડા માતાજીના મંદિર ની બાજુ માં મહંતશ્રી મધુરગીરી બાપુનું નિવાસ સ્થાન આવેલું છે.આ નિવાસ સ્થાન ની બહાર મધુરગીરી બાપુ દ્વારા સી.સી.ટી.વી.કેમેરા લગાવવામાં આવ્યા છે.ત્યારે આ સી.સી.ટી.વી.કેમેરા માં ગુરૂવાર ના વહેલી સવારે ૨:૪૫ કલાક ની આસપાસ એક જંગલી પ્રાણી રીંછ ફરતુ સી.સી.ટી.વી.કેમેરા માં જોવા મળ્યું હતું.મોકેશ્વર પંથકમાં જંગલી પ્રાણી રીંછે દેખા દેતાં આ વિસ્તારના લોકોમાં ભય સાથે ફફડાટ નું મોજું લોકોમાં છવાઈ જવા પામ્યુ છે.વડગામ પંથકના ગામડાઓમાં અવારનવાર જંગલ પ્રાણીઓની અવર જવર જોવા મળી રહી છે.વડગામ તાલુકા ના શેરપુરા (સે) નજીક જંગલ આવેલું છે.આ જંગલ માં વન્ય પ્રાણીઓ વસવાટ કરતા હોવાની ચર્ચાઓ પણ આમ જનતા માં થઈ રહી છે.થોડા મહીના ઓ પહેલા જ વડગામ તાલુકાના જુના નાગરપુરા ગામે એક દિપડાએ વહેલી સવારે જ આતંક મચાવીને પિતા પુત્ર ને ઘાયલ કર્યા હતા.ત્યાર બાદ વેસા પંથકમાં દિપડો લોકોમાં દેખાયો હતો.આમ અવાર નવાર વડગામ પંથકના ગામડાઓમાં વન્ય પ્રાણીઓની અવર જવર જોવા મળતા લોકોમાં ભયનું વાતાવરણ ફેલાયું છે.

કાળઝાળ મોંઘવારીમાં સીલીન્ડરના ભાવમાં વધારાથી અસંખ્ય પરિવારો હચમચ્યા

અરવલ્લીમાં ૧.૧૫ લાખ રાંધણ ગેસના ગ્રાહકો ઉપર રૂા. ૫૭.૫૦ લાખનો બોજ વધ્યો : રસોડાનું બજેટ વધતી મોંઘવારીથી તહસ નહસ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

કાળઝાળ મોંઘવારી વચ્ચે ઘરેલું રાંધણ ગેસના ભાવમાં રૂા. ૫૦ નો વધારો થયા પછી અરવલ્લી જિલ્લામાં ૬ તાલુકાના ૧,૧૫,૦૦૦ ગ્રાહકો ઉપર દર મહિને રુ ૫૭,૫૦,૦૦૦નો બોજ વધ્યો છે. ગેસમાં ભાવ વધારાનો બોમ્બ ફૂટતાં રસોડાનું બજેટ તહસ નહસ થયું છે. જિલ્લામાં અગાઉ ઘરેલું રાંધણ ગેસના સીલીન્ડરના ભાવ રુ ૯૭૫ હતા જેમાં રૂ ૫૦ નો વધારો થતાં સીલીન્ડરનો ભાવ રૂા. ૧૦૨૫ સુધી પહોંચી જતાં ગેસ કનેકશન ધરાવતા ગ્રાહકોને વધતી જતી મોંઘવારીમાં ફરીથી ચૂલા ફેંકવા પડે તેવી સ્થિતિ પેદા થઈ છે.

ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ નિયંત્રણ બહાર જતા હોવાથી

સમયાંતરે ભાવમાં વધારો થઈ રહ્યો છે. તેલ, કઠોળ, ઈંધણ સહિતના ભાવ બેકાબુ બનતાં આમપ્રજાનું જીવન વધુ સંકટમય બન્યા પછી હવે ફરીથી ઘરેલું રાંધણ ગેસના ભાવ વધારાએ અસંખ્ય પરિવારોને હચમચાવી નાખ્યા છે. અરવલ્લી જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ અને ભિલોડા તાલુકાના ૧,૧૫,૦૦૦ ગેસ કનેકશન ધરાવતા ગ્રાહકો માટે રૂા. ૫૦નો સીલીન્ડર દીઠ થયેલો વધારો અસહ્ય બન્યો છે. અગાઉથી જીવન જરુરીયાતની ચીજવસ્તુઓમાં ભાવ વધારો ઝીંકાયેલો છે ત્યાં હવે રસોઈ બનાવવા માટે જરૂરી ગેસ સીલીન્ડરના ભાવ વધતાં રસોડાનું બજેટ ખોરવાયું છે. સરકારે પ્રદૂષણ ઉપર નિયંત્રણ આવે અને મોટાભાગના પરિવારોમાં ઘરેલું રાંધણ ગેસનો ઉપયોગ થાય તેવા પ્રયાસો હાથ ધરી ઉજવલા યોજના અંતર્ગત લાભાર્થીઓને ગેસ સીલીન્ડર આપ્યા તો ખરા પરંતુ હવે જે રીતે રાંધણ ગેસના ભાવમાં ભાવ વધારો ઝીંકાઈ રહ્યો છે તે જોતાં મહિલાઓને ફરીથી ચૂલા ઉપર રસોઈ બનાવવાના દિવસો આવી ગયા હોય તેવું જણાઈ રહ્યું છે.

કોમર્શિયલ ગેસમાં પણ ભાવ વધારાનો બોજો

રાંધણ ગેસના સીલીન્ડરમાં રુ ૧૦ના ભાવ વધારાએ ગ્રાહકોને હચમચાવી નાખ્યા છે. રાંધણ ગેસના સીલીન્ડરનો ભાવ રુ ૧૨૫ સુધી પહોંચ્યો છે. તે જ રીતે કોમર્શિયલ ગેસના ભાવમાં પણ રુ ૧૦૦નો વધારો થયા પછી ભાવ રૂ ૨૪૫૦ થયો હોવાના કારણે જિલ્લામાં કોમર્શિયલ કનેકશન ધરાવતા ૩૦૦ ગ્રાહકોના માથે દર મહિને રુ ૭૦ હજારનો બોજ વધ્યો છે.

કોમર્શિયલ ગેસમાં પણ ભાવ વધારાનો બોજો

રાંધણ ગેસના સીલીન્ડરમાં રુ ૫૦ ના ભાવ વધારાએ ગ્રાહકોને હચમચાવી નાખ્યા છે. રાંધણ ગેસના સીલીન્ડરનો ભાવ રુ ૧૨૫ સુધી પહોંચ્યો છે. તે જ રીતે કોમર્શિયલ ગેસના ભાવમાં પણ રુ ૧૦૦નો વધારો થયા પછી ભાવ રૂ ૨૪૫૦ થયો હોવાના કારણે જિલ્લામાં કોમર્શિયલ કનેકશન ધરાવતા ૭૦૦ ગ્રાહકોના માથે દર મહિને રુ ૭૦ હજારનો બોજ વધ્યો છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં લગ્નોની સીઝનમાં સીન્થેટીક માવાની બોલબાલા

લગ્નોની મીઠાઈ સ્વાસ્થ્ય કથળાવે તેવી સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં લગ્નોની સીઝન પૂરબહારમાં ખીલી ઉઠી છે અને સામાન્ય દિવસો કરતાંય જિલ્લાભરમાં માવાની માંગ અનેક ગણી વધી ગઈ છે ત્યારે કેટલાક માવાના વેપારીઓએ સીન્થેટીક માવો વેચવાની શરૂઆત કરતાં લગ્નોની મીઠાઈ સ્વાસ્થ્ય કથળાવે તેવી સ્થિતિ ઉભી થઈ છે. જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી સીન્થેટીક માવાની બોલબાલા વધી ગઈ છે પરંતુ જવાબદાર તંત્રએ એકપણ સ્થળેથી ૧૦૦ ગ્રામ જેટલો પણ સીન્થેટીક માવાનો જથ્થો ઝડપી ન શકતાં તંત્રની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ છે.

જિલ્લામાં ફૂડ વિભાગની નિષ્ક્રિયતાથી ખાદ્ય ચીજ વસ્તુઓમાં મીલાવટખોરીનો ધંધો અનેક ગણો વધી ગયો છે. કેટલાક લેભાગુ વેપારીઓ ભેળસેળ કરી પ્રજાના આરોગ્ય સાથે ગંભીર પ્રકારનાં ચેડાં કરતા હોવા છતાં તંત્ર માત્ર કહેવા પૂરતી કામગીરી કરતું હોય તેમ પેકીંગ સેમ્પલ લઈ સંતોષ માની લેતું હોય છે. જિલ્લામાં ભેળસેળીયા દૂધની બોલબાલા સર્વત્ર વધી ગયા પછી હવે લગ્નોની ખરી સીઝનમાં માવાની માંગમાં ધરખમ વધારો નોંધાતાં કેટલાક લેભાગુ વેપારીઓએ બજારમાં સીન્થેટીક માવો વેચવાની શરૂઆત કરતાં લગ્ન દરમ્યાન યોજાતા ભોજન સમારંભોમાં માવાની મીઠાઈ આરોગવા જતાં બિમારીનો ભોગ બનવું પડે તેવી સ્થિતિ દેખાઈ રહી છે પરંતુ હપ્તાખોર ફૂડ વિભાગ સીન્થેટીક માવા બાબતે અજાણ હોય તેમ કોઈ જ કામગીરી ન કરતાં અત્યાર સુધી લગ્નોમાં હજારો કીલોગ્રામ સીન્થેટીક માવો મીઠાઈમાં વપરાઈ ગયાનું સંભળાઈ રહ્યું છે. જિલ્લામાં દૂધના ભઠ્ઠાવાળા પણ દૂધ ખરીદી માવો બનાવી સીઝનમાં કમાણી કરી લેતા હોય છે પરંતુ હાલની લગ્ન સીઝનમાં માવાની માંગ વધુ જોવા મળતાં અન્ય જિલ્લાઓમાંથી માવાના વેપારીઓ માવો મંગાવી વેચાણ કરી રહ્યા છે અને મોટા ભાગે માવાની ગુણવત્તા માનવ આરોગ્ય માટે અત્યંત જોખમી હોવાનું બતાવાઈ રહ્યું છે ત્યારે જિલ્લાનું જવાબદાર તંત્ર આળસ ખંખેરી સીન્થેટીક માવો વેચનારા વેપારીઓ સામે કડક પગલાં ભરે તે જરૂરી છે અન્યથા લગ્નોમાં માવાની મીઠાઈ આરોગી પ્રજા ગંભીર પ્રકારની બિમારીઓનો ભોગ બને તો કદાચ નવાઈ નહીં હોય. જિલ્લામાં આયોજીત થતા લગ્ન સમારંભોમાં માવાની મીઠાઈઓને અગ્રતા આપવામાં આવી રહી છે ત્યારે બજારમાં વેચાતા માવાની ગુણવત્તા ચકાસવા બાબતે તંત્ર સજાગ નહીં બને તો સીન્થેટીક માવામાં તૈયાર થતી મીઠાઈઓ આરોગવાથી પ્રજા બિમારીમાં સપડાય તેવી દહેશત સેવાઈ રહી છે.

ખેડા જિલ્લો સીન્થેટીક માવાનું એ.પી. સેન્ટર..!!

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં લગ્નોની સીઝનમાં માવાની માંગ અનેક ગણી વધી જતાં કેટલાક લેભાગુ વેપારીઓએ સીન્થેટીક માવો વેચી પ્રજાના આરોગ્ય સાથે ગંભીર ચેડાં શરૂ કર્યાં છે. ખાસ કરીને ખેડા જિલ્લો સીન્થેટીક માવાનું એ.ટી. સેન્ટર બની રહ્યો હોય તેમ જિલ્લાના સ્થાનિક માવાના વેપારીઓ ખેડા જિલ્લામાંથી હલકી ગુણવત્તાનો માવો મંગાવી ડબલ નફો કમાતા હોવાની વિગતો બહાર આવી છે જ્યારે મોટા ભાગે માવાનો જથ્થો સલામત સવારી ગણાતી એસ.ટી.બસોમાં જ મોકલાવવામાં આવતો હોવાનું સંભળાઈ રહ્યું છે ત્યારે તંત્ર આ દિશામાં તપાસ હાથ ધરે તો સીન્થેટીક માવાના ચાલતા કારોબારનો પર્દાફાશ થાય તેમ છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મોટાપાનો શિકાર બનતી પ્રજા

પ્રજામાં હાવિ થતું જાડીયાપણું

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પ્રજાની જીવનશૈલીમાં ધરખમ બદલાવ આવ્યા પછી ખાનપાનમાં પણ ભારે બદલાવ આવતાં પ્રજા મોટાપાના રોગનો શિકાર બનતી જતી હોય તેમ જિલ્લામાં જાડીયા લોકોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. જ્યારે જાડીયાપણું પ્રજામાં હાવિ થતું હોય તેમ છેલ્લા કેટલાક સમયથી શરીર ચરબીથી ઘેરાઈ જતાં અનેક લોકોએ શરીર ઉતારવા માટે અંગ કસરતોથી માંડી યોગનો સહારો લીધાનું જાણવા મળ્યું છે.

શરીરમાં હાવિ થતું જાય છે. જ્યારે પ્રજાના ખાનપાનમાં પણ બદલાવ આવી જતાં મોટા ભાગના લોકો ફાસ્ટફૂડના રવાડે ચડી જતાં શરીર ઉપર ચરબીના થર જામતા જાય છે. છેલ્લા ગણા સમયથી જિલ્લામાં જાડીયાપણું પ્રજામાં હાવિ થતું જાય છે અને તેને દૂર કરવાના પ્રયત્નો પણ કાર્ગત સાબિત થતા ન હોવાથી બદલાયેલી જીવન શૈલીને મોટાપાના શિકારનું કારણ માનવામાં આવી રહ્યું છે. જિલ્લામાં અસંખ્ય લોકો મોટાપાનો શિકાર બની જતાં શરીર બેડોળ બનવા લાગ્યાં છે અને આવાં લોકો સામાન્ય કામમાં પણ હાંફવા લાગતા હોવાથી કેટલાકે તો વધતા જતા શરીરના ઘેરાવાને ઓછો કરવા માટે કસરતોથી માંડી યોગનો સહારો લીધાનું પણ સંભળાઈ રહ્યું છે. જ્યારે કેટલાક સુખી સંપન્ન પરિવારોમાં પણ જાડીયા લોકોની સંખ્યા વધી જતાં નિષ્ણાત તબીબોની સલાહ હેઠળ તબીબી સારવાર શરૂ કર્યાનું બહાર આવ્યું છે. જ્યારે ખાસ કરીને પુરૂષોની સરખામણીમાં મહિલાઓ વધુ જાડીયાપણાનો શિકાર બનતી જોવા મળી રહી છે. જિલ્લામાં મોટાપાના રોગે અજગરી ભરડો લીધો હોય તેમ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વધુ ને વધુ લોકો જાડીયાપણાનો ભોગ બની રહ્યા છે અને શરીરમાં ચરબીના થર જામવાથી અનેક લોકો હાઈબ્લડપ્રેશર અને હૃદય રોગની બિમારીનો ભોગ બનતા હોવાનું બહાર આવ્યું છે ત્યારે પ્રજા હાવિ થતા મોટાપાના રોગ બાબતે જાગૃત થઈ ખાનપાનમાં યોગ્ય બદલાવ નહીં લાવે તો આવનારા દિવસોમાં જ્યાં નજર કરો ત્યાં મોટાપાનો શિકાર બનેલી વ્યક્તિઓ જ નજરે પડે તે દિવસો હવે દૂર ન હોવાનું કેટલાક તબીબો જણાવી રહ્યા છે.

ખમણ, ઢોકળાં પ્રજાને ભારે પડ્યા

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી મોટાપાના રોગનો વ્યાપ વધતો જઈ રહ્યો છે. ત્યારે રાજ્યમાં પણ જાડીયા લોકોની સંખ્યા અનેક ગણી વધી ગઈ છે. થોડાક સમય અગાઉ મોટાપા વિશે હાથ ધરાયેલા સંશોધનમાં મોટાપામાં ગુજરાતે મહારાષ્ટ્રને પણ પાછળ પાડી દીધાનું બહાર આવ્યું હતું અને ખાસ કરીને ગુજરાતીઓ ખમણ, ઢોકળાં આરોગવાનાં શોખીન હોવાથી સ્વાદનો ચસ્કો જ પ્રજાને ભારે પડ્યાનું તારણ બહાર આવ્યું હતું. ત્યારે જિલ્લાની પ્રજાને પણ ખમણ, ઢોકળાં ઉપરાંત અન્ય નાસ્તા ફરસાણોનો ચસ્કો ભારે પડતો હોય તેમ છેલ્લા કેટલાક સમયથી પ્રજા મોટાપાના રોગનો શિકાર બની રહી છે. મોટાપાના રોગ વિશે પ્રજા સભાનતા નહીં કેળવે તો આવનારા દિવસોમાં મોટાપાની સાથે પ્રજા અન્ય ગંભીર પ્રકારના રોગોનો ભોગ બને તો પણ કદાચ નવાઈ નહીં હોય.

સરડોઈના ચામુંડા માતાજી મંદિર નજીક ડુંગર પર આગ : ઝડપથી પ્રસરતી આગથી લોકોમાં ભય ફેલાયો

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લામાં આવેલા જંગલ અને ડુંગર પર રહેલી વનરાજીમાં આગ લાગવાના બનાવોમાં ચિંતાજનક વધારો થવાની સાથે રહસ્યમય બની રહ્યા છે એક જ સપ્તાહમાં ડુંગર અને જંગલમાં આગ લાગવાની ઘટના બનતા વનવિભાગ તંત્રની બેદરકારી છતી થઈ છે મોડાસાના સરડોઈ ગામ નજીક ચામુંડાના ડુંગર તરીકે જાણીતા ડુંગર પર આગ લાગતા વનવિભાગ તંત્રના ૧૦ થી વધુ કર્મચારીઓ આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથધર્યા હતા તેમ છતાં આગ કાબુમાં ના આવતા નજીકમાં આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. મંગળવારે બપોરના સુમારે સરડોઈ ગામ નજીક આવેલા ડુંગર પર આગ લાગતા ભારે અફરાતફરી મચી હતી ડુંગરના જગલમાં રહેલા સૂકા પાંદડા, ઝાડ અને પવનના લીધે આગ ઝડપથી પ્રસરતા આગ નું રૌદ્ર સ્વરૂપથી ગામલોકો દોડી આવ્યા હતા અને આગના લબકારાથી ભયભીત બન્યા હતા

વનવિભાગ કર્મચારીઓ દોડી પહોંચ્યા હતા અને આગ પર કાબુ મેળવવા પ્રયત્ન હાથધર્યા હતા આગના બનાવને રોકવા માટે વન વિભાગ દ્વારા ફાયર લાઈન તૈયાર કરી આકસ્મિક આગ લાગેતો જંગલ વિસ્તારમાં વધુ પ્રસરતી આગ ફાયર લાઈન સુધીજ સીમિત થઈ જાય તેવા પ્રયાસો કરાતા હોય છે છતાં સમયાંતરે લગતી આગ માં વનરાજી નષ્ટ થઈ જતા પર્યાવરણને પારાવાર નુકશાન ભોગવવું પડે છે. ચામુંડા ડુંગર પર લાગેલી આગે વિકરાળ સ્વરુપ પકડતાં જંગલમાં લગભગ ૫૦૦ મીટર સુધીના વિસ્તારમાં ભરડો લીધો હતો. આગની જાણ થતાં ફાયરબ્રીગેડની ટીમ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મહામહેનતે સતત ચાર કલાક ઝઝૂમીને આગને કાબૂમાં લીધી હતી. બપોરના સમયે અહીં અંદાજે ૫૦૦ મીટરના ડુંગરાળ વિસ્તારોમાં આગ લાગી હતી.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રક્ષિત સ્મારકોને નુકસાન કરનારાઓ સામે કડકાઈ જરૂરી: નુકસાન બદલ બે વર્ષની જેલની સજાની જોગવાઈ છતાં બધું ભુલાયું

રક્ષિત સ્મારકોની જાળવણી માટે કેન્દ્ર સરકાર કડક છતાં તંત્ર ઉદાસીન

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

રાજ્યમાં રક્ષિત સ્મારકોની જાળવણી માટે પુરાતત્વ વિભાગની કામગીરી બહુ વખાણવા લાયક ન બની રહેતાં રક્ષિત સ્મારકોને નુકસાન કરનારાઓ સામે કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવી ૧૧ વર્ષ અગાઉ રક્ષિત સ્મારકોને નુકસાન કરનારાઓને બે વર્ષની જેલની સજાની જોગવાઈ કરી હોવા છતાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રક્ષિત સ્મારકને નુકસાન કરનારાઓ સામે કોઈ પગલાં ભરાયા નથી. છે અને હવે રક્ષિત સ્મારકોને નુકસાન કરવા બદલ હવે બે વર્ષની જેલ ભોગવવી પડે તે દિવસો દૂર નથી. સાબરકાંઠામાં મોજૂદ અનેક પૌરાણિક સ્થાપત્યોની કેટલાક તત્વોએ દુર્દશા કરી છે છતાં કાયદો બને ૧૧ વર્ષ પછી પણ એકપણ ઈસમ સામે પગલાં ભરાયા નથી.

રાજ્યમાં આવેલાં તમામ રક્ષિત સ્મારકોનું મોનિટરીંગ કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર હસ્તક છે. ત્યારે અગાઉ કેન્દ્ર સરકારે રક્ષિત સ્મારકોથી ૨૦૦ મીટરના વિસ્તારોને પ્રતિબંધિત વિસ્તાર ઘોષિત કર્યો હતો અને ત્યારબાદ ૧૦૦ મીટર વિસ્તારને નિયંત્રિત કર્યો છે. રક્ષિત સ્મારકોને નુકસાનીથી બચાવવા અને તેની ઉપર વધતા જતા ખતરાને અંકુશમાં રાખવા કેન્દ્ર સરકારે જોગવાઈઓમાં પણ કેટલાક ફેરફાર શરૂ કર્યા છે અને આ અંગે રાજ્ય સરકારને પણ અમલ કરવા તાકીદ કરી છે ત્યારે રાજ્ય સહિત સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રક્ષિત સ્મારકોના જતન માટે પુરાતત્વ વિભાગ અને સરકાર દ્વારા ભરાતાં પગલાં પછી હવે સ્મારકોને નુકસાન કરનારા તત્વો સામે કેન્દ્ર સરકાર વધુ કડક કાયદો અમલી બનાવ્યો છે. કાયદામાં રક્ષિત સ્મારકને નુકસાન પહોંચાડનારાઓ સામે બે વર્ષની જેલ ઉપરાંત ૧ લાખ રૂા. દંડની જોગવાઈ કરવામાં આવી છે પરંતુ રક્ષિત સ્મારકોને નુકસાન પહોંચાડનારાઓ સામે પગલાં ક્યારે ભરાશે તેની પ્રજા રાહ જોઈને બેઠી છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં અનેક રક્ષિત સ્મારકોની જાળવણીમાં પુરાતત્વ વિભાગ નિષ્ફળ નિવળતાં કેટલાક વિસ્તારોમાં તો પ્રાચીન રક્ષિત વાવોની આસપાસ મોટાં શોપીંગ સેન્ટરો ઉપરાંત અન્ય બાંધકામો ઉભાં થઈ ગયાં છે.